



## પાલનપુરના વેપારીએ ખંડણી માટે હપ્તો ના આપતા ત્રણ દુકાનમાં તોડફોડ : ખંડણી ખોર શખ્સ સામે નોંધાઈ પોલીસ ફરિયાદ

પાલનપુર શહેરના નાની બજાર વિસ્તારમાં ખંડણી ઉઘરવાના મુદ્દે વેપારીની ત્રણ દુકાનો પર તોડફોડ કરી મોડી રાત્રે હંગામો મચાવતા ખંડણી ખોર શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જિલ્લામથક પાલનપુરમાં નાની બજાર વિસ્તારમાં મુસ્લિમ વેપારીઓની દુકાનો આવેલી છે. છેલ્લા દોઢ માસથી હારૂર ઉર્ફે હન્નો નામનો મુસ્લિમ યુવાન સ્થાનિક વેપારી પર પોતાનો ખોફ જમાવી ખંડણી ઉઘરાવતો હતો. જેમાં કેટલાક વેપારીઓ હારૂર ઉર્ફે હન્નો નામના ખંડણીખોર શખ્સના ખોફથી પોતાનો ધંધો કરવા માટે નાણાં પણ આપતા હતા. જો કે આ વિસ્તારમાં ત્રણ દુકાન ધરાવતા વેપારી ઝાકીર હુસેન છોરીયાએ હપ્તા પેટે નાણાંની ખંડણી આપવાનો ઈનકાર કરતા આરોપી હારૂર ઉર્ફે હન્નો નાગોરી રહેવાસી હુસેન ચોકી નાગોરીવાસ પાલનપુરે વેપારી પર લાકડી વડે હુમલો કર્યો હતો. જો કે વેપારી કોઈ જાનહાની થઈ ન હતી પરંતુ તેમની આ વિસ્તારમાં આવેલી ત્રણ પ્રોવિઝનનું દુકાનો પર તોડફોડ કરી મોડી રાત્રે હંગામો મચાવ્યો હતો. જેના લીધે નાની બજાર વિસ્તારમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. જો કે પોલીસ ઘટનાસ્થળે સુધી પહોંચે તે પહેલા આરોપી ફરાર થઈ ચુક્યો હતો. જો કે ફરિયાદીએ આજ વિસ્તાર નજીક આવેલી મોટીબજાર પોલીસ ચોકીમાં ખંડણી અને જાનથી મારી નાંકવાની ધમકી મામલે કાયદેસરની ફરિયાદ પણ નોંધાવી છે.

## ડીસા તાલુકાના ભડથ ગામે દારૂબંધીના કડક અમલ માટે ક્ષત્રિય સમાજે લીધી પ્રતિજ્ઞા

ડીસા, તા. ૨૭

સરકાર દુષણો અને કુટેવો નાથવા નિયમો અને કાયદા બનાવે છે પણ તમાકુ, ગુટકા, દારૂ જેવા વ્યસનોથી ખાસ કરીને યુવાનોમાં ચિંતાજનક રીતે વધતા સરકારી નિયમો વામણા પુરવાર થયા છે. ત્યારે ડીસાના ભડથ ગામે ક્ષત્રિય સમાજના જાગીરદારોએ સમાજ ચિંતનના યોજેલા એક કાર્યક્રમમાં તમાકુ, ગુટકા, દારૂ જેવા વ્યસનોને કાયમી તિલાંજલી આપતી પ્રતિજ્ઞા લેતા આ અભિયાન અન્યો માટે પ્રેરણાદાયક બનેલ છે.

ડીસા તાલુકાના ભડથ ગામે આજે ભડથ યુવક મિત્ર મંડળ દ્વારા શ્રી ચામુંડા માતાજીના મંદિર ખાતે યોજાયેલા એક સમાજ ચીંતન કાર્યક્રમમાં સહુ કોઈએ એક સંપ થઈ સમાજ ઉત્થાન માટે વ્યસનોથી દૂર રહેવાની નેમ લીધી હતી અને તમાકુ, ગુટકા, દારૂ જેવા વ્યસનોથી આવતા વિપરીત પરિણામો અને રોગો સમગ્ર પરિવારને બરબાદ કરે છે તેથી આવા વ્યસનોને જીવનમાંથી કાયમી તિલાંજલી આપવાની હાંકલ કરી હતી.

આ પ્રસંગે જાગીરદાર સમાજના બાદરસિંહ વાઘેલાએ જણાવેલ કે 'જાગીરદાર સમાજ શિક્ષણથી આમ પ્રજા કરતા થોડો પાછળ છે, શિક્ષણ સામાજિક ઉત્થાન માટે જરૂરી છે. તો વળી યુવાનોમાં શિક્ષણનો વ્યાપ્ત વધે અને તમાકુ, ગુટકા, દારૂ જેવા વ્યસનોથી સમાજ અને આપણું સમગ્ર ગામ દૂર રહી એક પ્રેરણાદાઈ આદર્શ ગામ બને તે માટે અમારા સમાજ બંધુ, વડીલો અને યુવાનોએ એક મંચ પરથી વ્યસનોથી મુક્ત રહેવા સંકલ્પ લીધો છે.જેથી હવે આજથી અમારા ગામના યુવાનોની ૧૦૦૦થી વધુની ટીમનો કાફલો આ વ્યસન મુક્તિ અભિયાનને વેગ આપી જાગૃતિ ફેલાવશે. અમારો સંકલ્પ છે કે માત્ર ભડથ જ નહિ સમગ્ર બનાસકાંઠા જિલ્લો વ્યસન મુક્ત બને તેવું જણાવ્યું હતું. આમ ભડથ ગામમાં આ વ્યસન મુક્તિ અભિયાન પ્રસંશનીય કાર્ય બન્યું હતું.



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પંચાયત કચેરીના નવિન ભવન ખાતમુર્હતનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ અમરતલાલ બરંડા, ઉપપ્રમુખ ગજાનંદભાઈ પ્રજાપતી, કારોબારી અધ્યક્ષ ગુલાબચંદભાઈ પટેલ, લાલસિંહ ચૌહાણ, ભીખાભાઈ ભાટીયા, શામળદાસ પટેલ, ઈન્દ્રજીતસિંહ રાઠોડ, ભવાનભાઈ તરાર, ગલબાભાઈ પ્રજાપતી, કાનજીભાઈ પરમાર, કાશીરામ વણઝારા, મહાદેવભાઈ અસારી, રાજુભાઈ પટેલ સહિત અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા તાલુકા વિકાસ અધિકારી જે. બી. મોડીયા અને રાકેશભાઈ પટેલ તેમજ સ્ટાફ પરીવારે જણાવ્યું હતું કે ભિલોડા તાલુકા પંચાયતના નવિન ભવનનું ખાતમુર્હત તાલુકા પંચાયત પ્રમુખ અમરતલાલ બરંડાના વરદ્ હસ્તે કરાયું હતું. ભિલોડા તાલુકા પંચાયતના નવિન ભવનના બાંધકામ માટે રૂા.૨ કરોડ ૮૫ લાખની ગ્રાન્ટ રાજ્ય સરકાર ધ્વારા મંજુર થયેલ છે. ભિલોડા તાલુકામાં આનંદની લાગણી પ્રસરી છે.

### વિચારોનાં મધુવન (૪ પાનાનું ચાલુ...)

સ્થાન ન લઈ શકે. પાણી એ પાણી છે. પાણી એ જીવાદોરી છે. વિજ્ઞાનક્ષેત્રે નોબેલ પુરસ્કાર જીતનાર સી.વી.રામને પ્રાથમિક શિક્ષન માતૃભાષામાં લીધું હતું. અણુવિજ્ઞાની ડૉ.અબ્દુલ કલામે પણ પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ લીધું હતું.

બાળકની મૂંગી મૂઠીમાં માની બોલી જ સમાય અને સંભળાય, કારણકે તેને માની આંખોમાં વિશ્વ હિલોળા લેતું દેખાય છે. કિલકિલાટ કરતું બાળક માતા-પિતાની આજની મૂડી છે અને આવતીકાલનું સ્વપ્ન છે. ક્યારેક... આ જ માતા ત્રણ-ચાર વર્ષના બાળકને (અંગ્રેજી) ટ્યુશન ક્લાસના રવાડે કે હવાલે કરી દે છે અને પછી મનમાં પોરસાય કે 'મેરા બેટા સબસે મહાન'.બાળક એ કંઈ 'સિઝનેબલ (ઋતુકાળ અનુસારના) ચોખા કે ઘઉં' નથી કે અગાઉથી જેટલું (જ્ઞાન) ભરી લઈએ તો વર્ષભર (જીંદગી) ની શાંતિ!

બાળકની બોલીનો ઈતિહાસ ન હોય!
માતાની મમતાનો ડુંગર ન હોય!
અને સંસ્કૃતિનો કોઈ એક સરદાર ન હોય....

'માતૃભાષામાં શિક્ષણ' અંગેના કેટલાક વાંચવા જેવા પુસ્તકોની યાદી. ૧. ભવ્યભાષા માતૃભાષા, લેખક -પંન્યાસ મુક્તિવલ્લભ વિજય ૨. આપણને કોણ જોઇએ? મેકોલે પુત્ર કે મહર્ષિ પુત્ર, લેખક - હર્ષદ પ્ર.શાહ, ૩.માતૃભાષા અને અંગ્રેજી શું પહેલાં શું પછી? લેખક - હર્ષદ પ્ર.શાહ ૪. માતૃભાષાનું મહિમાગાન, સંપાદન : ડૉ.ભદ્રાયુ વછરાજાની.

- rrpatel_1970@yahoo.in




## પાલનપુર સોનબાગ વિસ્તારમાં ફટાકડા ફોડવાના મામલે બે જૂથ વચ્ચે અથડામણમાં આઠ ઘાયલ

પાલનપુરમાં આજે સાંજે સામાન્ય બાબતે બે કોમ વચ્ચે અથડામણ સર્જાતા ૮ વ્યક્તિઓ ઘાયલ થયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર પાલનપુરમાં સોનબાગ વિસ્તારમાં ફટાકડા સળગાવવા જેવી સામાન્ય બાબતે દેવીપૂજક અને રબારી જૂથ વચ્ચે તંગદિલી સર્જાઈ હતી. જો કે સામાન્ય બાબતે બંને જૂથ વચ્ચે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા સામસામી મારામારી સર્જાઈ હતી. જેમાં ૮ લોકો ઘાયલ થવા પામ્યા હતા. જે તમામને પાલનપુર સિવિલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. પાલનપુરમાં થયેલી આ તકરારમાં મહિલા સાથે થયેલી ગેર વર્તણુંક પણ હોવાનું સ્થાનિકો દ્વારા જાણી શકાયું હતું. જો કે ચોક્કસ કયા મુદ્દે મારામારી થવા પામી હતી તે નક્કી થઈ શક્યું નથી પરંતુ હાલ પુરતુ પોલીસ દ્વારા સમગ્ર ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિ પર કાબુ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

## અંબાજીમાં બ્રહ્મહિત રક્ષા મંચની બેઠક મળી

પાલનપુર, તા. ૨૭

યાત્રાધામ અંબાજીમાં સમસ્ત બ્રહ્મ સમાજ સંકલીત બ્રહ્મહિત રક્ષા મંચની અગત્યની બેઠક પ્રદેશ હોદ્દેદારો અને કાર્યકરોની મળી હતી.

મા આદ્યશક્તિ અંબાજી શક્તિપીઠ ખાતે મંદિરના સરકારી વહીવટી તંત્ર તરફથી માતાજીની સેવા પૂજા કરતા બ્રાહ્મણો સાથે ઘણા સમયથી ભારે અન્યાય થતો હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામી છે.

આ બાબતે સંગઠન દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં પણ વહીવટીતંત્ર દ્વારા યોગ્ય પ્રતિભા ન મળતા માઈ ભક્તોની લાગણી દુભાઈ છે. બ્રાહ્મણોને યેનકેન પ્રકારે કરાતી પજવણી સામે લડત સમિતિ બનાવી તમામ સમાજ જ્ઞાતિના આગેવાનોને સંગઠનમાં સામેલ કરવાનો મહત્વનો ઠરાવ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં પ્રમુખ નરેશ રાજા, દિનેશ મહેતા, ડામરાજી રાજગોર વગેરે હાજર રહ્યા હતા.

## બનાસકાંઠામાં યુવા મહોત્સવ યોજાયો

પાલનપુર, તા. ૨૭

ગુજરાત રાજ્ય કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ પ્રરિત બનાસકાંઠા જિલ્લાના રમતગમત કચેરી દ્વારા પાલનપુરની સ્વામીનારાયણ ગુરૂકુલ શાળા ખાતે જિલ્લાકક્ષાનો યુવક મહોત્સવ યોજાયો હતો.

આ જિલ્લા કક્ષાના યુવક મહોત્સવમાં જુદી જુદી ૩૨ પ્રકારની રમતોનું આયોજન કરવામાં આવ્યું. આ મહોત્સવમાં જિલ્લાની વિવિધ શાળા કોલેજના યુવાનોએ ભાગ લીધો હતો અને પોતાનામાં રહેલ શક્તિઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

યુવક મહોત્સવમાં મુખ્ય અતિથિ તરીકે બનાસકાંઠા વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રના ચેરમેન ગૌરાંગ પાધ્યા, ગોવિંદભાઈ મુકેશભાઈ ઘોયા વગેરે હાજર રહ્યા હતા.

# હાર્દિક સાથે ફોટો પડાવવાની સજા : બે કોન્સ્ટેબલ સસ્પેન્ડ

### કસ્ટડીમાં રહેલા હાર્દિક સાથે ફોટો પડાવતા ભારે હોબાળો થયો હતો : ક્રાઈમબ્રાંચના અધિકારીઓમાં પણ ભારે ચર્ચા

અમદાવાદ, તા.૨૭

પાટીદાર સમુદાય માટે અનામત આંદોલન ચલાવી રહેલા હાર્દિક પટેલ સાથે ફોટા પડાવવાની મોટી કિંમત શહેર ક્રાઈમબ્રાંચના બે કોન્સ્ટેબલને ચુકવવી પડી છે. જેના ભાગરૂપે બે કોન્સ્ટેબલોને સસ્પેન્ડ કરી દેવાયા છે. હાર્દિક પટેલ સાથેનો ફોટો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયા બાદ ભારે હોબાળો થયો હતો. ઊંડી તપાસ કરવામાં આવતા હવે બે કોન્સ્ટેબલોને સસ્પેન્ડ કરી દેવાયા છે. સમગ્ર મામલામાં તપાસ કરાતાં મહેન્દ્રસિંહ જુવાનસિંહ અને પોલીસ કોન્સ્ટેબલ અરુણકુમાર ડાલેને સસ્પેન્ડ કરવાના આદેશ જારી કરાયા હતા. પોલીસ કર્મીઓનો હાર્દિક સાથેનો ફોટો વોટ્સઅપ પર વાયરલ થતાં સસ્પેન્ડ કરવમાં આવ્યા હતા. પોલીસના જણાવ્ય મુજબ રાજદ્રોહના ગુનામાં હાર્દિક અને તેના સાથીદારોને અમદાવાદ ક્રાઈમ બ્રાંચ ખાતે લાવવામાં આવ્યા હતા.તાજેતરમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચના પહેલા માળે હાર્દિક પટેલને રાખવામાં આવ્યો હતો ત્યાર કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ જુવાનસિંહ નામના કોન્સ્ટેબલને હાર્દિક સાથે ફોટો પડાવ્યો હતો. આ ફોટો હેડ કોન્સ્ટેબલ અરુણ ડાલેએ પાડ્યો હતો. હાર્દિક પટેલને એક પછી એક મુશ્કેલીનો સામનો છેલ્લા ઘણા સમયથી કરવો પડી રહ્યો છે. કારણકે ગુજરાત હાઈકોર્ટે આજે જ તેની સામે દેશદ્રોહના આરોપને પડતો મુકવાનો ઈન્કાર કરી દીધો હતો. તેની સામે દાખલ કરાયેલી એફઆઈઆરને પણ રદ કરવાનો ઈન્કાર કર્યો હતો. હાર્દિકની હાલમાં જ ધરપકડ કરવામાં આવી હતી.

## ધનસુરા ગોકુલનાથજી મંદિરના હોદ્દેદારોની વરણી

ધનસુરા, તા.૨૭

ધનસુરા સ્થિત ગોકુલનાથજી મંદિરનાં હોદ્દેદારોની તાજેતરમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

મંદિરના નવા હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ગિરીશભાઈ શાહ, ઉપપ્રમુખ પદે નરેન્દ્રભાઈ શાહ, ટ્રસ્ટીઓમાં જયંતિલાલ શાહ, જયંતિલાલ સી. શાહ,રાજેન્દ્રભાઈ મહેતા, રજનીભાઈ શાહ, વિપુલભાઈ શાહ, કિર્તીભાઈ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ઉપસ્થિત વૈષ્ણવોએ હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.

## હાઈકોર્ટનો ઈન્કાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અરજીના આધાર ઉપર આ ચુકાદો આપ્યો હતો. ભરત પટેલે હાર્દિક પટેલ સામે દાખલ કરવામાં આવેલી દેશદ્રોહના કેસને રદ કરવાની માંગણી કરીને કોર્ટમાં અપીલ કરી હતી. કોર્ટે કહ્યું હતું કે, કોઈ વ્યક્તિને હિંસા ઉપર ઉતરી આવવા અને સમાજમાં શાંતિમાં ખલેલ પહોંચાડવાની બાબત દેશદ્રોહના ગુના સમાન છે. દેશદ્રોહની ફરીયાદને રદ કરવાનો ઈન્કાર કરતાં હાઈકોર્ટે કહ્યું હતું કે, તપાસ ચાલી રહી છે. તપાસના અંત સુધી તમામ ચિત્રો સ્પષ્ટ થશે.

કોર્ટે ઠેરવ્યું હતું કે, શાંતિપૂર્ણ રીતે ક્વોટાની માંગણી કરવાની પાટીદારે ઝુંબેશ ચલાવી હતી, પરંતુ ન્યાયિક વ્યવસ્થાને હાથમાં લેવાની બાબત યોગ્ય દેખાતી નથી. કોર્ટે એમપણ ઠેરવ્યું હતું કે, એફઆઈઆરમાંથી આઈપીસીની કલમ ૧૫૩(એ) રદ કરી દેવામાં આવે. હાર્દિકનું નિવેદન બે સમુદાય વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપે તેવું નથી. પોલીસ સામે તેની તપાસ ચાલી રહી છે. પોલીસનું કહેવું હતું કે, હાર્દિકે બે સમુદાય વચ્ચે દુશ્મનાવટ ઉભી કરવાના પ્રયાસ કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આત્મહત્યા કરી લેવાના બદલે પોલીસને મારી નાખળા સમુદાયના એક યુવાનને કહેતા હાર્દિક કેમેરામાં કેદ થઈ ગયો હતો. ત્યારબાદ હાર્દિક પટેલ સામે દેશદ્રોહનો કેસ દાખલ કરાયો હતો.

સુરતમાં અમરોલી પોલીસ સ્ટેશનમાં આઈપીસીની કલમ ૧૨૪ (એ) હેઠળ આ કેસ દાખલ કરાયો હતો. દેશદ્રોહનો કેસ દાખલ કરાયા બાદ હાર્દિકની મુશ્કેલી વધી ગઈ હતી. આ કેસમાં જો આરોપી અપરાધી ઠેરવે તો મહત્તમ આજીવન કારાવાસની સજા થઈ શકે છે. જ્યારે લઘુત્તમ સજા ત્રણ વર્ષની હોઈ શકે છે. હાર્દિક પટેલ સામે હવે સકંજો દિન પ્રતિદિન વધુ મજબુત બની રહ્યો છે.

## નિરીક્ષકો નિમાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહાનગરપાલિકાની ચૂંટણી માટે ૨જી નવેમ્બરના રોજ જાહેરનામુ પ્રસિદ્ધ થવાનુ છે જ્યારે જિલ્લા-તાલુકા પંચાયત માટે ૫ મી નવેમ્બરના રોજ જાહેરનામુ પ્રસિદ્ધ થનાર છે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેની તૈયારી એકદમ વેગીલી બનાવી દીધી છે. મહાનગરપાલિકાઓમાં ઈ-વોટીંગ પ્રથા પર ભાર મુકી પંચે આ પ્રથાને વધુ પ્રચલિત બને તે માટે મ્યુનિ. કમિશનરોને ગઈકાલની સમીક્ષા બેઠકમાં ખાસ તાકીદ કરી છે. આ ઈ-વોટીંગના વોટ મતગણતરી શરૂ થતાં પહેલા ગણવામાં આવશે તેમ પંચના સૂત્રોએ જણાવ્યું છે.

રાજ્ય ચૂંટણી પંચ મોટા જિલ્લાઓમાં બે-બે નિરીક્ષકો જિલ્લા-તાલુકા પંચાયત માટે મુકે તેવી શક્યતાના નિર્દેશ પણ આ સૂત્રોએ આપ્યા છે.

## રેલ્લાવાડા યુજીવીસીએલ દ્વારા થ્રી ફેજ લાઈટો મોટાભાગે બંધ : લોકોમાં રોષ

ઈસરી, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના યુજીવીસીએલ કચેરીના વહીવટથી તાલુકાની જનતા પારાવાર હેરાન થઈ ગઈ છે. મેઘરજ અને કંટાળુ સબ સ્ટેશન જુદા પાડીને સાંધવા માટે જાહેરાત આપીને ચાર દિવસ લાઈટથી ફેજનું બંધ રાખ્યુ હોત તો ઝડપથી કામગીરી પુરી થતી પરંતુ ધીરે ધીરે છેલ્લા ૧ મહિનાથી ટપક ટપક રીતે કામગીરી કરવામાં આવે છે. જેથી ગામડાના ખેડૂતો દિવસે લાઈટ થ્રી ફેજનું મેળવી શકતા નથી અને જ્યોતિનું પણ લાઈટ બંધ કરી દેવાય છે. જેથી ખેડૂતો-મહિલાઓ હેરાન થાય છે. વળી રીપેરીંગ માટે આટલો બધો સ્ટાફ ગાડીઓ સાથે ફરતો હોવા છતાં કાયમી દિવસ દરમ્યાન ૫ થી ૬ વખત ટ્રેપીંગ થાય છે. જેથી કુશળ કારીગરો દ્વારા નક્કર કામગીરી ૮ કલાકના સમયમાં થાય તે જોવામાં આવતુ નથી. કિસાન સંઘ અને કાર્યકરો દ્વારા ઉર્જામંત્રીને તાલુકાની પરિસ્થિતિ વિગતવાર જણાવવામાં આવેલ છે. છતાં અગત્યની સબ ડીવીઝન નંબર મેઘરજથી રેલ્લાવાડા શરૂ કરવામાં આવી નથી અને તે માટે જવાબદાર અધિકારીનું વલણ જનતા વિરોધી હોવાનું જણાય છે. જેથી આવા અધિકારી વિરૂદ્ધ ઉપલી કક્ષાએ જણાવવામાં આવેલ છે.

દિવસે અને રાત્રે જમવા સમયે સમાચાર વખતે લાઈટો બંધ રહેતા તંત્રની બેદરકાળજી સ્પષ્ટ થાય છે. અને રીપેરીંગ કે નવી ડીપીઓ નાખવા અન્યને હેરાન કેમ કરવામાં આવે છે તે અંગે જણાવેલ છે. તંત્ર કાં તો સુધરે કે પછી અન્ય તાલુકાની હવા ખાતા જાય તેવી માંગણી છે.



## રાજ્યના મુખ્ય સચિવે અંબાજી યાત્રાધામની મુલાકાત લીધી

ગુજરાત રાજ્ય સરકારના મુખ્ય સચિવ જી.આર. અલોરીયા આજે ગુજરાતના પ્રસિદ્ધ તીર્થ સ્થળ અંબાજી ખાતે પહોંચ્યાં હતા. જ્યાં અંબાજી મંદિર ખાતે તેમનું શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સ્વાગત કરાયું હતું. જ્યારે જિલ્લા કલેક્ટર દિલિપ રાણાએ પણ ખેસ પહેરાવીને આવકાર્યા હતા. જી.આર. અલોરીયાએ અંબાજી નીજ મંદિરમાં પાવડી પુજા સાથે પુજા-અર્ચના કરી કપુર આરતીનો લાભ લીધો હતો. જ્યાં મંદિર ટ્રસ્ટ દ્વારા એક વિશેષ યંત્રની ફોટો કૃતી મુખ્ય સચિવ જી.આર. અલોરીયાને અર્પણ કરાઈ હતી. મંદિરમાં ચાલતા વિકાસ કાર્યની પણ મંદિરના વહીવટદાર જી.પી. બ્રહ્મભટ્ટ સાથે સમીક્ષા કરતાં નજરે પડ્યાં હતાં.

## જીટીયુ હેકથોન-૨૦૧૫માં સ્માર્ટવિલેજ અંગેનો સંકલ્પ

અમદાવાદ, તા.૨૭

એન્જિનિયરિંગ કોલેજોના વિદ્યાર્થીઓને ડિઝાઈન થિંકિંગ વડે વિવિધ સામાજિક સમસ્યાઓ હલ થઈ શકે એવી એપ્લીકેશન વિકસાવવાની તક પૂરી પાડવા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીયુટી તરફથી ૩૬ કલાકની ડે એન્ડ નાઈટ હેકથોન-૨૦૧૫નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

સરકાર અને શિક્ષણનો સમન્વય સાધતી આ સ્પર્ધા માટે અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લા પંચાયતના અધિકારીઓ તેમજ રાજકોટ, હિંમતનગર, સાબરકાંઠા, ગોધરા, મોડાસા, સુરત, વડોદરા ગાંધીનગર, કલોલ, વલ્લભ વિદ્યાનગર અને આણંદની કોલેજોના આશરે ૧૦૦ વિદ્યાર્થીઓ જહેમત ઉઠાવી રહ્યા છે. આ પ્રસંગે સાબરકાંઠાના જિલ્લા વિકાસ અધિકારી નાગરાજને જણાવ્યું હગતું કે, વર્તમાન યુગ ટેકનોલોજીનો યુગ છે. આમ છતાં દેશની કુલ વસતિનો ૬૦થી ૭૦ ટકા હિસ્સો કે જે ગામડાઓમાં રહે છે તેઓ વિકાસના લાભોથી વંચિત છે. દેશનો વિકાસ કરવા ગ્રામીણ વિકાસ પ્રત્યે ધ્યાન આપ્યા સિવાય છુટકો જ નથી. આપણા દેશના પાંચ હજાર ગામડા એવા છે કે જ્યાં મોબાઈલ ફોન કનેક્ટિવીટ નથી તેમાં ગુજરાતના પણ ૧૦૦ ગામોનો સમાવેશ થાય છે. તેઓ માટે ટેકનોલોજીનો કેવી રીતે ઉપયોગ થઈ શકે તે વિચારવાની આવશ્યકતા છે. આવી વિવિધ સમસ્યાઓ ટેકનોલોજીની મદદથી હલ કરવાના ઉમદા હેતુસર પહેલીવાર આટલા મોટાપાયે હેકથોન-૨૦૧૫નું આયોજન થઈ રહ્યું છે. કાર્યક્રમને સંબોધતા અમદાવાદના જિલ્લા વિકસા અધિકારી ભાર્ગવી દવેએ કહ્યું હતું કે, એક જમાનામાં ઘરે ટેલિગ્રામ આવતા, પછી ફોનનો જમાનો આવ્યો. જમાનો ઝડપથી બદલાઈ રહ્યો છે, તેની સાથોસાથ આપણે પણ બદલાવું પડશે. પરિવર્તન સંસારનો નિયમ છે. અત્યારે સ્માર્ટ સિટીની વાત થઈ રહી છે.